Surabhi
International Peer Reviewed Referred Journal
ISSN 2349:4557
Vol-1

# વેદોમાં પ્રતિબિમ્બિત કુટુંબભાવના

પ્રા. ડૉ. જેરામભાઈ વી. પટેલ
એસો. પ્રોફે. સંસ્કૃત વિભાગ,
ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર.

વૈદિક સાહિત્ય ભારતીય સંસ્કૃતિનું પ્રાચીન અને મૂલ્યવાન સાહિત્ય છે.માનવજીવનના તમામ પાસાંને સ્પર્શતું વેદ-વચન માત્ર ધાર્મિક કે યજ્ઞપ્રધાન સાહિત્ય નહીં પરંતુ સામાજિક જીવનને માગદર્શન આપતું દાર્શનિક મર્મ ધરાવે છે.વેદોમાં નિરૂપાયેલ કૌટુંબિક પ્રેમભાવ માનવીય જીવનને સુખમય બનાવવા માટેનો આધારસ્તંભ છે.

વેદોમાં કુટુંબને 'ગૃહ' અથવા 'ગૃહસ્થાશ્રમ' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.ગૃહ ભાવનાત્મક,આધ્યાત્મિક અને ઔપચારિક બંધનોનો જીવંત સમૂહ છે.

**કુટુંબભાવના :**

વેદોનાં સૌમનસ્ય સૂક્તોમાં ગૃહસ્થજીવનના સંબંધમાં જે ઉદાત્ત ભાવ પ્રકટ કરવામાં આવ્યો છે તે વૈદિક પરંપરાનો એક અમૂલ્ય નિધિ છે. તેમાં બધા જ લોકોમાં સમભાવ, પરસ્પર પ્રેમની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. અહીં ઋષિ દ્વારા એવી અભિલાષા પ્રગટ કરવામાં આવી છે કે કુટુંબના બધા જ સદસ્યો પ્રેમપૂર્વક રહે. કારણ કે આદર્શ સમાજનું મૂળ પરિવાર જ છે. તેઓમાં એકબીજા પ્રત્યે સહાનુભૂતિ હોય.વિચારોમાં સમાનતા હોય તો કુટુંબમાં કે સમાજમાં કોઈ કલહ ન થાય.

અથર્વવેદના સાંમનસ્ય સૂક્ત ૩/૩૦માં સમાનતાની, મનની અને હૃદયની સુંદરતાની વાત કરવામાં આવી છે. કૌટુંબિક જીવનના પ્રત્યેક માનવીના હૃદયની ઝંખના સમા આદર્શો જેવા કે દ્વેષરહિત ભાઈ-બહેન, મધુરવચના પત્ની વગેરે અહીં વાચા પામ્યાં છે. કૌટુંબિક પ્રેમ એ વિશ્વપ્રેમનું પગથિયું છે. સાંમનસ્યનું પરિપૂર્ણ ચિત્ર રજૂ કરતું આ સૂક્ત માનવજીવન માટે અત્યંત ઉપાદેય છે :

सहृदयं सांमनस्यविद्वेषं कृणोमि वः।

अन्यो अन्यमभि हर्यत वत्सं जातमिवाघ्न्या ॥१॥ અર્થાત્"હું તમને સહૃદય, સારાં મનવાળા અને નિર્વૈર બનાવું છું. ગાય નવજાત વત્સ પ્રત્યે કરે છે તેમ તમે એકબીજા પ્રત્યે પ્રેમ કરો." (પટેલ, ડૉ.ગૌતમ,વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, પૃ.૨૩૦)

अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु संमनाः।

जाया पत्ये मधुमतीं वाचं वदतु शान्तिवाम् ॥२॥ અર્થાત્"પુત્ર પિતાનો આજ્ઞાકારી - અનુસરનારો અને માતા સાથે એકમત ધરાવનારો બને. પત્ની પતિ પ્રત્યે મધુર શાંતિપૂર્ણ વાણી ઉચ્ચારે." (પૃ.૨૩૦)

मा भ्राता भ्रातरं द्विक्षन्मा स्वसारमुत स्वसा।

समयंच सव्रता भूत्वा वाचं वदत भद्रया ॥३॥ અર્થાત્ "ભાઈ-ભાઈનો દ્વેષ ન કરે, વળી બહેન બહેનનો (દ્વેષ ન કરે). એક મત અને એક વ્રતવાળા બની પરસ્પર કલ્યાભ્રમથી વાણી ઉચ્ચારે.' (પૃ.૨૩૦)

येन देवा न विदन्ति नो च विद्वषते मिथः।

तत् कृण्मो ब्रह्म वो गृहे संज्ञानं पुरुषेभ्यः ॥४॥ અર્થાત્ 'જેનાથી દેવો વિરોધ કરતા નથી અને પરસ્પર દ્વેષ કરતા નથી તે સંજ્ઞાનરૂપ બ્રહ્મ (વેદ અથવા વેદની શિક્ષા)ને તમારા ઘરમાં પુરુષોને (એકતામાં બાંધવા ) માટે હું નિયત કરું છું." (પૃ.૨૩૦)

ज्यास्वन्तश्चित्तिनो मा वि यौष्ट संराधयन्तः सधुराश्चरन्तः।

अन्यो अत्यस्मै वल्गु वदन्त एत सध्रीचीनान् वः संमनसस्कृणोमि ॥५॥ અર્થાત્ "મોટા-નાનાની મર્યાદાનું પાલન કરતા, ઉદાર ચિત્તવાળા બની પરસ્પરના કાર્યની સારી રીતે આરાધના કરતા, સારી રીતે કાર્યની ધુરાનું વહન કરતા તમે ક્યારેય વિખૂટા ન પડો. એકબીજા સાથે પ્રેમપૂર્ણ વાણી વદતા આગળ આવો. હું તમને સમાન વૃત્તિવાળા અને સમાન મનવાળા બનાવું છું.' (પૃ.૨૩૧)

અથર્વવેદના ૭/૬૦/૬ મંત્રમાં અત્યંત ઉમદા પરિવારભાવ પ્રગટ થયો છેઃ

सुनृतावन्तः सुभगा इरावन्तो हसामुदाः।

अतृष्या अक्षुध्या स्त गृहा मास्मद बिभीतन ॥ અર્થાત્ "હે ગૃહો! તમે સત્યયુક્ત અને ઉત્તમ ભાગ્યવાળા બનો, તમારી અંદર હાસ્ય-વિનોદમય વાતાવરણ બની રહે. ભૂખ્યાં તરસ્યાં લોકો ન રહે, તમે અમારાથી ડરો નહીં." (શર્મા, આચાર્ય, પં. શ્રીરામ, ભાગ-૧,પૃ.૨૫)

**કૌટુંબિક સદ્ભાવ :**

ભારતીય સંસ્કૃતિનું આર્યમન આખી પૃથ્વીને કુટુંબસમાન ગણે છે. પૃથ્વી પરનાં સર્વપ્રાણીઓ માટે સદ્ભાવ વ્યક્ત કરતા અનેક વિચારો આપણને વેદોમાં પ્રાપ્ત થાય છે. અથર્વવેદના ૧/૩૧/૪માં માનવી અને પ્રાણીઓનો પરસ્પર સદ્ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે. "જગતમાં ગાયો, સર્વપ્રાણીઓ તેમજ મનુષ્યોનું કલ્યાણ થાઓ." (ભાગ-૧,પૃ.૨૨) સર્વે પ્રાણીઓ અને માનવીઓમાં સદ્ભાવ પ્રગટે એ માટે યજુર્વેદના ૩૬/૮માં ઋષિએ કામના કરી છે કે, "બે પગવાળાં (મનુષ્યો અને પક્ષીઓ) અને ચાર પગવાળાં પશુઓનું કલ્યાણ થાઓ." (પૃ.૩૯.૨) વળી, અથર્વવેદ ૧૭/૧/૭માં એવી શુભ ભાવના પ્રગટ થઈ છે કે, 'હે પ્રભુ! એવી કૃપા કરો કે જેથી હું પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે પ્રાણીમાત્ર પ્રતિ સદભાવના રાખી શકું." यांश्च पश्यामि यांश्च न तेषु मा सुमतिं कृधि। (ભાગ-૨, પૃ.૧૭-૨). મંત્રદૃષ્ટા ઋષિ બધાંની સાથે સદ્ભાવપૂર્ણ વ્યવહાર અને આદર રાખવાનું કહે છે. અથર્વવેદમાં ૨૦/૧૨૮/૨ અને ૧૯/૯૯/૧માં આ પ્રકારનો ભાવ પ્રગટ થયેલો છેઃ

यो जाम्या अप्रथयस्तद् यत् सखायं दुधूर्षति।

ज्येष्ठो यदप्रचेतास्तदाहुरधरागिति ॥ અર્થાત્ "જેઓ બહેનની સાથે દુર્વ્યવહાર કરે છે, મિત્રને હાનિ પહોંચાડે છે અને જયેષ્ઠ બનતાં દુષ્ટ સ્વભાવવાળા થાય છે, તેવા માણસો પતિત કહેવાય છે" અને "અમે આયુષ્યમાન થઈએ અને પૂરાં આયુષ્ય (૧૦૦ વર્ષ) સુધી જીવીત રહીએ." (ભાગ-૨ પ.૧૦૮)

વેદોમાં સદ્ભાવ અને સહભોજન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. અથર્વવેદ ૬/૪૭/૧માં ઋષિ કહે છેઃ 'અમે સાથે મળીને ખાન પાન કરીએ.' सह भक्षाः स्म। (ભાગ-૧, પૃ.૨૨) તેવી જ રીતે યજુર્વેદના ૧૮/૯ મંત્રમાં કહેવાયું છે કે 'મારા સાથીઓ સાથે મને સહપાન અને સહભોજન પ્રાપ્ત થાઓ.' संदिग्धश्च मैं सपीतिश्च मे। (પૃ.૧૮.૯) આ પ્રકારના મંત્રોમાં સાથે રહીને ખાવા-પીવાનો અને પરાક્રમ કરવાનો સંદેશો વેદો આપે છે. ઋગ્વેદ ૧૦/૧૧૭/૬માં એવી ટીકા પણ કરવામાં આવી છે કે 'એકલો ખાનારો પાપનો ભાગીદાર બને છે.' केवलाधो भवति केवलादी। (ભાગ -૪, પૃ.૨૨૬). આવી જ સદ્ભાવના વેદ પછીના અનુગામી સંસ્કૃત સાહિત્યમાં પણ જોવા મળે છે. ઉપનિષદ ગ્રંથો અને શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ સહભોજન પર ભાર મૂકવામાં આવેલો છે.

**દામ્પત્યપ્રેમનું નિરૂપણ :**

ભારતીય વેદકાલીન સમાજમાં વિવિધ પાસાંઓના વ્યાપક જ્ઞાન માટે અથર્વવેદનું અધ્યયન અનિવાર્ય છે. આ વેદમાં પ્રેમ, વિવાહ, આયુષ્ય, કૌટુંબિક જીવન, માનસિક સ્વાસ્થ્ય જેવા માનવ સંબંધોના વિષયો અભ્યાસુઓને આકર્ષવા સમર્થ છે. અહીં

ગૃહસ્થાશ્રમ, પતિ-પત્નીના અને પરિવારનાં કર્તવ્યોનું સૂક્ષ્મ વિવેચન થયેલું છે. પતિ-પત્નીના દામ્પત્યપ્રેમના અદ્વૈતની ભાવનાનાં ગીત સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસ કે ભવભૂતિ જેવા મહાકવિઓએ ખૂબ સુંદર રીતે ગાયાં છે. પણ એ ભવ્ય ભાવનાનું બીજ આપણને અથર્વવેદમાં જોવા મળે છે. આ વેદના સૂક્ત ૭/૩૬/૧માં પતિ પ્રેમભાવ પૂર્વક પત્નીને કહે છેઃ

अक्ष्यौ नौ मधुसंकाशे अनीकं नौ समंजनम्।

अन्तः कृणुष्व मां हृदि मन इन्नो सहासति ॥ અર્થાત્ "આપણા બંનેની આંખો મધુ સમાન બને, આપણા વદન સામંજસ્ય દાખવે. તું મને તારા હૃદયમાં ધારણ કર અને આપણાં મન એકબીજા સાથે રહે." (પટેલ, ડો. ગૌતમ, પૃ.૨૩૩). પછીના સૂક્ત ૭/૩૭/૧ પત્ની પતિ માટે અનન્ય પ્રેમ પ્રગટ કરતાં કહે છે :

अभि त्वा मनुजातेन दधामि मम वाससा।

यथासो मम केवलो नान्यासां कीर्तयाश्चन ॥ અર્થાત્ 'મનુથી ઉત્પન્ન થયેલા આ મારા વસ્ત્રને હું તને ધારણ કરાવું છું (પહેરાવું છું) જેથી તું કેવળ મારો બને, અન્યનું કીર્તન પણ ન કરે." (પૃ.૨૩૩)

સંસ્કૃત સાહિત્યમાં પતિ-પત્નીના પ્રેમના પ્રતીક રૂપે ચક્રવાક અને ચક્રવાકીના યુગલની ઉપમા આપવામાં આવે છે. આવી સુંદર ઉપમા અથર્વવેદ ૧૪/૨/૬૪માં પ્રયોજવામાં આવી છે અને પતિ-પત્નીના મંગલમય દામ્પત્યની પ્રાર્થના કરવામાં આવી છેઃ

इहेमाविन्द्र सं नुद चक्रवाकेव दंपती।

प्रजयैतौ स्वस्तकौ विश्वमायुर्व्यश्नुताम् ॥ અર્થાત્ "હે ઈન્દ્ર ! ચક્રવાક દંપતીની જેમ આ યુગલને તું એક બનાવ જેથી કલ્યાણમય બની પોતાની પ્રજા સાથે એ બંને સંપૂર્ણ આયુષ્ય ભોગવે.' (પૃ.૨૩૪)

દામ્પત્યની અદ્વૈતતા દર્શાવતાં અથર્વવેદના ૧૪/૨/૭૧માં પતિ પત્નીને અત્યંત કાવ્યમય વાણીમાં ઉદ્બોધન કરે છે :

अमोऽहमस्मि सा त्वं, सामाहमस्म्यृक् त्वं, द्यौरहं पृथिवीत्वम्।

ताविह सं भवाव प्रजामा जनयावहै ॥ અર્થાત્ "આલાપ હું છું, રાગિણી તું છે. સામ હું છું, ઋચા તું છે. ઘૌ હું છું, પૃથ્વીતું છે તો આપણે બંને અહીં એક થઈએ, આપણે પ્રજાને ઉત્પન્ન કરીએ." (પૃ.૨૩૪)

વેદકાળમાં વિવાહ બાદ નારીનું સ્થાન ગૃહિણી રૂપે પ્રતિષ્ઠિત થતું. તે સંપૂર્ણતયા અર્ધાંગના તરીકે પતિગૃહે પ્રવેશતી. પતિગૃહમાં તેનો પ્રવેશ ઘરની દાસી તરીકે નહીં પણ સમાક્ષી બનવાના આશીર્વાદ સાથે થતો. નારી લગ્ન બાદ ઘરની સ્વામિની બનતી અને યજ્ઞાદિ ધાર્મિક કાર્યો ઉપરાંત ગૃહસંમાર્જન, વડીલ સેવા વગેરેમાં પતિને સર્વદા સાથ આપતી એવો નિર્દેશ વેદોમાં જોવા મળે છે. લગ્નજીવનનું ધ્યેય પતિપત્નીના આજીવન સખ્ય, સુખ અને હૃદયના ઐક્યમાં હતું. તેઓ પુત્ર અને પાત્રો સાથે આનંદપૂર્વક આજીવન જીવે એવી મંગલકામના ઋગ્વેદના ૧૦/૮૫/૪૨ અને ૧૦/૮૫/૪૭ મંત્રમાં વ્યક્ત કરવામાં આવી છેઃ

इहैव स्तं मा वि यौष्टं विश्वमायुर्व्यश्नुतम्।

क्रीळन्तौ पुत्रैर्नसृभिर्मोदमानौ स्वे गृहे ॥४२॥

समंजन्तु विश्वे देवाः समापो हृदयानि नौ।

सं मातरिश्वा सं धाता समु देष्ट्री दधातु नौ ॥४७॥

અર્થાત્ "આ સંસારમાં તમે એકબીજાથી જુદાં ન થાઓ, પોતાના ઘરમાં પુત્ર અને પૌત્રોની સાથે ખેલતાં અને આનંદ કરતાં તમે સંપૂર્ણ આયુષ્ય ભોગવો." (૪૨) (શર્મા, આચાર્ય પં.શ્રીરામ, ભાગ-૪,પૃ.૧૫૭)

પતિ-પત્નીના સંબંધમાં પરસ્પરના વિશ્વાસ, પ્રેમ, કર્તવ્ય આદિના સ્પષ્ટ નિર્દેશો વેદોમાં જોવા મળે છે. પતિએ પત્નીનો આદર કરવો જોઈએ કારણ કે તે લક્ષ્મીનું સ્વરૂપ છે. પત્નીએ પણ વિચારશીલ, પતિપરાયણ, કલ્યાણી, સદૈવ હસમુખી, ધર્મનિષ્ઠ

ISSN 2349:4557
Vol-1

અને કુટુંબવત્સલ બનવું જોઈએ. પરસ્પરના સ્નેહ અને સહયોગથી સ્ત્રી અને પુરુષ અર્થાત્ પતિ-પત્ની જીવનસાગરની પાર ઊતરે છે. પતિ-પત્ની માટે દમ્પતી શબ્દ વપરાય છે જેનો અર્થ થાય છે 'ઘરના સ્વામી.' બંને એક થઈને તેઓ સાચા અર્થમાં ઘરના સ્વામી બને છે અને કુટુંબકલ્યાણ સાધી શકે છે. અથર્વવેદ વિવાહપ્રકરણ સૂક્તમાંના મંત્રો મોટા ભાગે સૂર્યાના વિવાહ અને દામ્પત્યને કેન્દ્રમાં રાખીને વર્ણવાયેલા છે તે સૂક્તના ૧૪/૧/૫૦ મંત્રમાં ઋષિ પતિ-પત્નીના અતૂટ સંબંધ માટે કહે છે : "હે વધૂ ! આપના હાથને હું સૌભાગ્યની વૃદ્ધિ માટે ગ્રહણ કરું છું, મને પતિરૂપે સ્વીકારીને આપ વૃદ્ધાવસ્થા પર્યંત મારી સાથે રહેજો.' (ભાગ-૨,પૃ.૮) વળી, ૧૪/૨/૨૯,૨૭ મંત્રમાં પત્ની પોતાના પરિવારને સુખ અને આનંદ આપનારી બને એવો સદ્ભાવ વ્યક્ત કરતાં જણાવાયું છે કે,

सुमंगली प्रतरणी गृहाणां सुशेवा पत्ये श्वशुराय शंभूः।
स्योना श्वश्रवै प्र गृहान् विशेमान्॥२६॥
स्योना भव श्वशुरेभ्यः स्योना पत्ये गृहेभ्यः।
स्योनास्यै विशे स्यौना पुष्ठायैषां भव॥२७॥

અર્થાત્ "હે વધૂ ! શ્રેષ્ઠ મંગલકારિણી, ગૃહવ્યવસ્થાનું સંચાલન કરનારી, પતિની સેવા કરનારી, સસરાને સુખ પહોંચાડનારી અને સાસુને આનંદ આપનારી આપ ઘરમાં પ્રવેશો. આ સાસરિયા માટે મંગલકારી થાઓ, પતિ અને ઘરને માટે મંગલકારી થાઓ, આપ બધાં પરિવારજનોને સુખ આપતી તેમની પુષ્ટિ માટે સુખદાયિની બનો." (ભાગ-૨,પૃ.૧૩.૧૪)

**નિષ્કર્ષ :-**

વેદોમાં કૌટુંબિક પ્રેમભાવના અત્યંત ઊંડાણપૂર્વક દર્શાવવામાં આવી છે. વેદો માત્ર ધાર્મિક ગ્રંથ નથી; તેઓ જીવન વ્યવસ્થા, નૈતિકતા, કુટુંબવ્યવસ્થા અને સામાજિક મૂલ્યોના સ્ત્રોત છે. કુટુંબને કેન્દ્રસ્થાનમાં રાખીને રચાયેલ આ મૂલ્યો આધુનિક સમાજમાં પણ એટલા જ પ્રમુખ અને ઉપયોગી છે. વેદોમાં સંકેતાયેલ કૌટુંબિક પ્રેમભાવ માનવસમાજને સદભાવ, શાંતિ અને સ્થિરતા તરફ દોરી જાય છે.

**સંદર્ભ ગ્રંથ સાહિત્ય:-**

૧. જોષી,ડૉ.પ્રજ્ઞા,વેદોમાં રાષ્ટ્રીય ભાવના,ગાંધીનગર:સંસ્કૃત સાહિત્ય અકાદમી,૧૯૯૮.
૨.પટેલ,ડૉ.ગૌતમભાઈ (સંપા.) વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ,અમદાવાદ:યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ,૧૯૯૦.
૩.ભટ્ટ,ડૉ.વસંતકુમાર મ.(સંપા.)ऋग्वेदः (दशमं मंडलम् सायणभाष्यसमेतम्)અમદાવાદ: સરસ્વતી પુસ્તક ભંડાર,આ.૧૯૯૬.
૪. શર્મા આચાર્ય પં.શ્રીરામ અને શર્મા,દેવી ભગવતી (સંપા.) ઋગ્વેદ સંહિતા:
(ભાગ-૧,૨,૩,૪) હરિદ્વાર:બ્રહ્મવર્ચસ શાંતિકુંજ,૧૯૯૬.
--- યજુર્વેદ સંહિતા, હરિદ્વાર:બ્રહ્મવર્ચસ શાંતિકુંજ,૧૯૯૫.
--- સામવેદ સંહિતા, હરિદ્વાર:બ્રહ્મવર્ચસ શાંતિકુંજ,૧૯૯૫.
--- અથર્વવેદ સંહિતા,(ભાગ-૧,૨) હરિદ્વાર:બ્રહ્મવર્ચસ શાંતિકુંજ,૧૯૯૬.